લીલાવતી

નાટકનાં ગાયનો

રણમિત્ર. નાટક સમાજ માટે.



ધી " રાંદેર " પ્રેસ—સુરત

૧૯૧૦





પાત્રોનાં નામ.

પુરૂષ વર્ગ.

સદાફળ—સુમતિવિલાસનો બાપ

સુમતિવિલાસ—લીલાવતીનો ધણી

સોમદત્ત—લીલાવતીનો બાપ

કનકસેન—રાજા

સ્વારથરામ—સુમતિનો મિત્ર

જોઈતો }
મોતીઓ } —સદાફળના નોકર

સ્ત્રી વર્ગ.

લીલાવતી—સુમતિવિલાસની સ્ત્રી

સેજલદે—લીલાવતીની સાસુ

સુવ્રતા—લીલવતીની મા.

કમળા—લીલાવતીની સખી

મુકતા—લીલાવતીની નણંદ

કામસેના—એક નાયકા.

છબીલી—તેની દાસી

છટેલ—એક ખરાબ સ્ત્રી

રામબાઇ—સેજલદેની પાડોસણ.

કંચનીઓ, સખીઓ, નોકર વિગેરે.

લીલાવતી.

અંક-૧.

સૂત્રધાર— ૧

મન મારે તે મરદ સમજવા,
મનને વશ તે મેરી. અરરર રરરર—મ૦
ન વિણ તનતૃપ્તિ જાય, જાય સઘળું સુખ સંસારી,
સ્વર્ગે સીધાવતાં ટળે, અરરર રરરર—મ૦

બાળાઓ— ૨

સંકટ સહસ્ર સહન કરશે, જે સતી પતિવ્રત માટે,
લાલચને અધવચ લટકાવી, શીશ મુકે સાટે.
ધન્ય તે શૂરી, પરાક્રમી પૂરી,
દુર્જન વચન દાવાનળથી, નવ લેશે ડરશે,
ભીડભંજન ભગવંત ભરોસે, શીયળ મોતી ચરશે,
ધન્ય તે બાળા, ધર્મ વિજય માળા,
જુગ જુગ તેના મંગળ ગાશે, જગ વાટે ઘાટે.—સં૦

વિદુષક— ૩

કરો તો કરો ભાઇ લાડવા, તેમાં મેળવો ઘીના ધાડવા—ક૦
એ શું જમણમાં કરોછો સુધારો, બ્રાહ્મણ જો છે જમાડવા,
શાકને ભાજીનું નામ ન લેશો, ગોળમટોળ રમાડવા—ક૦
ઘરડાં તમારાં ભલે મરી જાઓ, દખણા દલાલી પમાડવા,
ભટજી જમીને આશીષ દેશે, ભાગ્યદેવીને જગાડવા—ક૦

નટી— ૪

શ્રી સુરેશ્વરા, પ્રભુ પરમ સુખકરા,
સર્વમાં નિવાસી ધર્મથી ધરી ધરા—શ્રી૦
જંબુ દ્વીપના ભરતક્ષેત્રમાં, ઇંદ્રપુરી અનુસાર,
સુંદર કૌશાંબી નગરી કહી, જ્યાં વિધ વિધ વ્યાપાર—શ્રી૦
વણીક સદાફળ નગરશેઠ ત્યાં, તસ સુત સુમતિ વિલાસ,
લીલાવતી લલના તેની જે, પૂરણ બુદ્ધિ પ્રકાશ—શ્રી૦
અજબ બની આહેરણી આપે, ઓઢી કાંબળ અંગ,
તીક્ષણ બુદ્ધી થકી તજાવ્યો, સ્વામી વેશ્યા સંગ—શ્રી૦
ગુણિકા ઘરથી નિજ ઘર લાવી, કળા કેળવી કંથ,
સુખ વિલસી સંસાર તણું, પછી પાળ્યો સંયમ પંથ—શ્રી૦

સદાફળ— ૫

પ્રાણપ્રીયા સુણ પુત્ર આપણો, સુંદર સુમતિ વિલાસ,
નાની વયથી નિપુણ નિવડ્યો, કરી શાસ્ત્ર અભ્યાસ.
સેજલદે—પ્રાણપતિ અતિ પુંન્ય ઉદયથી, પામ્યાં એવો પુત્ર,
કુળદીપક એ દીવ્ય દીકરો, શોભવશે ઘર સુત્ર.
સદાફળ—જુઠું મુખથી જરી ન બોલે, પાળે હુકમ હમેશ,
સેજલદે—એ રૂપાળો કદિ રીસાઇ, કરે ન કિંચિત કલેશ.

સુમતિવિલાસ— ૬

સુણ સજન સંધ્યા સમય, સ્હેલને સારૂ,
ફરવા ચાલો ફાંકડા, થયું મન મારૂં.
ઘોડા ગાડીમાં રોજ મોજ માણું છું,
પણ જવું ચાલતા આજ લાલ ધારૂં છું.
સ્વારથરામ— સાહેબની મરજી એજ અમારી મરજી,
આપો અંગરખુ આજ સ્વીકારી અરજી.

કામસેના તથા સખીઓ— ૭

જનમી જગતમાં શું શું રે કીધું, ઇશક તણું સુખ સ્વપ્ને ન લીધું,
મોજ અમૃત જો ન પીધું રે, ધીઃક એ જીંદગાનાં.
અવસર જાય ફરી નથી મળતો, વાંસ પીલે નથી ગોળ નીકળતો,
શેરડીનો રસ ટળતો રે.—ધી.

કામસેના— ૮

હું મસ્તાની પ્રેમની મને કોઇ ન છેડોરે,
કોઈન છેડોરે છેલા મુને કોઇ ન છેડોરે—હું.
લાચાર હું બીમાર છું શીદ લોછો કેડોરે,
જુવાનીથી દીવાની છું મારો છોડો છેડોરે.—હું.
પ્રાણ દાન છે; પ્રીતમાં, પુછી કરજો પ્રીત,
પ્રાણ દાન તો સ્હેલ છે, કઠણ પ્રીતની રીત,
આધાર તું કીરતાર મારો પાર બેડો રે.—હું

છબીલી— ૯

છબીલા મંદિરીએ આવો, પ્યારા શા માટે તરસાવો.—છ.
છે અલબેલી બાઇ અમારી, જોઇ રહી છે વાટ તમારી,
પધારીએ હિતકારી ભોગ ધારી લીજીએ લ્હાવો.—પ્યા.

કામસેના તથા સુમતિ— ૧૦

સોપું મનનું મોતી મનહર મારા પ્રેમથી,
જાળવજો જીવણજી મારા નેમથી—સો઼,
પ્રેમ હીરે જડી વનિતા જાણી, રાખશું હૃદય મહીં એ શાણી,
વાહ મધુરી તુજ મીઠી વાણી.
પ્રીતમ આધાર મારા, જુવતી વેલીને પ્યારા,
કામીની લટક તમારી ઓર, રસીલાલાલ તમે ચિ-તચોર--સો઼.

કામસેના તથા સુમતિ— ૧૧

દીલ મારૂં લઇ શીદ ચાલ્યા સલુણા,
મને હઠીલી જવા દે, ઉહું, મુકી દે, અરે ના ના ના.
ઘેલી કરી તમે ગુણીઅલજી મારા,
ખોટું વદે શું રહેવા દે, ઉહું, મુકી દે, અરે ના ના ના.—દી.
આ શી રૂપાળી લટક મટક, લઇ લીઓ આ લ્હાવ,
આં હાં ઉભી રહે અટક અટક, ભાવ બહુ ના ખાવ,
પત્થરે રત્ન ન પટક પટક, કેનો રૂડો શીરપાવ,
પ્રીત ન પીતી ઘટક ઘટક, દીલ દઇ બસ જાવ,
તનની તું ને મનની તું ને ધનની તું છું માલીક જાણુ--દી.

બોઘતો— ૧૨

ભાઇ પેટારો કેમ ઉઘાડયો, જોઉં કુંચી બેસાડી કેઇ,
સાહેબ બાપા બ્હાર ગયા છે, શું ગુંજામાં ઘાલ્યું લેઇ.
બધું ઘરેણું કયાં લઇ ચાલ્યા, આમ કરી તસ્કરનું કામ,
પડશે માથે અરે અમારે, પાછું મુકો તમે તમામ.

સુમતિ—ચીબાવલા તું ચઢી ગયો છે, પરની તારે શી પંચાત,
બસ બસ તારે નહીં બોલવું, હમણાં પાછળ પડશે લાત.
નીચ જાત ચાકરની તારી, આખર જોડા ઉચકનાર
આવ રાંડના હવે અડાવા, બંદા તો આ ચાલ્યા બ્હાર.

કામસેના— ૧૩

હાંરે બની જોબનથી મદમાતી હાંરે મદમાતી હાંરે રસરાતી—હાં૦
નરને નચાવું હું પળમાં રીઝાવું, પ્રીતે ઉડાવું મઝાથી—જો૦
ભપકે ભુલાવું હું લટકે લોભાવું, મદન તણાં ગીત ગાતી—જો૦
રૂપમાં રમાડું હું પૈસે રડાવું, તોએ સતીમાં પંકાતી—જો૦

કામસેના તથા સુમતિ— ૧૪

આવો મારા ચતુરસુજાણ હાં હાં,
મારો નહીં નયનનાં બાણ હાં હાં,
કાળજે ઉતારી તારી મૂર્તિ રસીલા પ્રાણ—આ૦
ઘાયલ કીધો તેં પ્હેલાં ધુતારી, મારી નયનનો માર,
દાઝયા ઉપર લુણ વચન લગાડી, પૂરો કર્યો લાચાર,
નખરેથી છેવટ નાજુક નાજુકડી, માર્યો તેં હાય ઠાર ઠાર,
રસીક વર માર્યો તેં હાય ઠાર ઠાર—કા૦

કામસેના તથા સુમુતિ— ૧૫

વ્હેલા વળજો વાલમ મારા, તન મન સોંપ્યું તમને રે,
ચતુરા ચોરી ચિતડું લીધુ, ચેન પડે નહીં અમને રે.
મને બ્હાવરી બનાવી તમે વાલમા,
રમે ભોગી આ રસિક તુજ વ્હાલમાં,
વ્હેલા વળજો ખચીત, ગોરી સોંપ્યું આ ચિન્ત,
વ્હારેવાહ, વ્હારેવાહ, હવે નિરખી લે પ્રિયતમને રે—વ્હે૦

સુમતિ— ૧૬

જાઉ જાઉ વેશ્યાઘર આ વાર,
અહીં તો છે મારે માટે જુતીઓનો માર.
થાશે થાશે મારૂં ત્યાં સન્માન,
માબાપ— હા હા હા હા બેટા તું કયાં ભૂલ્યો તારૂં ભાન.

અંક—૨.

લીલાવતી— ૧૭

બનાવી રૂડી રસોઈ મેં પ્રીતથી, પ્રીતથી રસરીતથી—બ૦
સેવ સુંવાળી મેં ઝીણી ઓસાવી, ઉપર ઘીને શાકર ભભરાવી-બ.
ભજીઆં ને રાયતાં પાતરાં વળાવી, ચટણી મસાલેદાર
સરસ વટાવી—બ૦

સેજલદે— ૧૮

પ્રાણપતિ આજ મને હર્ષનો ન પાર,
કોડેથી પરણાવીશ મારો કોડીલો કુમાર.
અંગ પર ધરીશ અમુલ્ય દાગીના તમામ,
સગાં સહોદર સહીત જઇશું તેણે ઠામ.
સદાફળ—ખરી વાત કહોછો તમે શાણી સુંદરી,
હું પણ બેઠો છું ખર્ચ કરવા આદરી.
સાજન આવશે ત્હાં મોટા ડમાકથી,
શોભશે બહુ જાન આપણી ધમાકથી.

કંચનીઓ— ૧૯

હાંહાંરે રસભીના નગીનારે, જાદુ મત ડારોરે—૨૦
બેન બજાવે નેન નચાવે ગાવે, રસ સરસ પ્રબીનારે-૨૦

કામસેના— ૨૦

પ્રીતિ તીર મારી નાખ્યું મારૂં તન વીંધીરે,
મારૂં તન વીધીરે, તન મન વીંધી રે—પ્રી૦
રંગીલા રસીલા છબીલા છોગાળા લાલા,
આવો આવો પ્રીતેથી પીઓ પ્રેમપ્યાલા,
અધર અમ્રત પીતાં શું શરમાઓ ઠાલા,
ચતુર ચેતો આંખોના તારા પ્રાણપ્યારા,
જોઇ છબી ન્યારી ન્યારી, ઉપર જાઉં વારી વારી,
હારી ગઇ હું તો મારી સુધ બુધ સારી.—પ્રી૦

સુમતિ— ૨૧

હઠ છોડો હઠીલી, હદ થઇ થઇ થઇ થઇ,
માનો માનો મુકો મત, નહીં નહીં નહીં નહીં.
પ્રેમ નીરની માછલી, વીરહ તીર શોષાય,
મદન માછીની જાળમાં, તરફડતી ઝડપાય,
જાશે રૂપણામાં રસબસ, વહી વહી વહી વહી—હ૦

કામસેના— ૨૨

જુંઠી સંસાર તણી બાજી, પીલાયે પાપમાં પાજી,
દશા ફુલ વાડીઓ તાજી, ન રહેવાની સદા સાજી.
બહુ બહુ કળીઓ વિધ વિધ રંગી, ખીલી સકળ કરમાય,
સંધ્યા કેરા રંગ સુનેરી, સંધ્યામાંહિ સમાય—જુ૦
ચેત ચેત તું ચેતન મારા, ચેતાવું ચિત્ત માંય,
ફંદી ફદે ફરે ફટકનો, ફોકટ શું ફુલાય—જુ૦

કા-સુ-છ— ૨૩

વિજયની વધાઇ રે વિશ્વમદીં—વિ૦
આજે સોનાનો સૂરજ ઉગ્યો, સરસ સમય સુખદાઇ રે—વિ૦
આનંદ આનંદ ઉર અતિશય, સપને સ્નેહથી સવાઇ રે—વિ૦

લીલાવતી ને સખીઓઃ— ૨૪

બેની પતિપદ સેવી સતીપદ મહાત્મ વધારીએ રે—બે૦

મોરી શાણી સહીઅર આવો, નિજ કંથ તણા ગુણ ગાઓ
તત્વ વિચાર, સાચો સાર—એ૦
પ્રેમ સરોવર ઝીલતાં, દંપતિ રસની રેલ,
સંપત્તિ સ્વર્ગની પામતાં, સંપે સર્વ મળેલ,
સેવે સ્વામીચર્ણો રંગે, રહે રમતી વ્હાલા સંગે,
સહજ ઉપાય, ભવ તરી જાય—એ૦

સખીઓ તથા લીલાવતી— ૨૫

ઓહો રસવેલી રસીઆની સાથે રસમાં માલશો,
ઓહો મદઘેલી મોહનથી મદમાં માને માલશો.
વારૂ બા વારૂ,
પ્રેમ તરંગે, મન્મથ જંગે પ્રીતમ સંગે, અતિ ઉમંગે
રમશો જમશો, પ્રેમથી હાં નેમથી—ઓ૦
પ્રેમ કમળ પર ભમરી ભમતી, કમળ કળા શું હૃદયે ગમતી,
જા રે જા,
ઓહો રીસનો કેવો છણકો (૨) રમશો જમશો—પ્રે૦

વર તરફનાં બઇરાં— ૨૬

પ્રીતમ વ્હેલા આવજો વરઘોડે ચઢી વરરાય—પ્રી૦
હું તો લળી લળી લાગું પાય—પ્રી૦
જોઈતો—જોજે પોકળ પ્રકાશ ન થાય,
મોતીઓ—આતો ઓબડે બ્હેરૂં કુટાય—પ્રી૦
જોઇતો—પ્રથમ પાઇએ તે મોટી ખોડ,
મોતીઓ—વહેતી મુકીને પુરશે કોડ—પ્રી૦

કન્યા તરફનાં બઈરાં— ૨૭

મારા મનના મનોરથ ફળીયારે આનંદ થયો
જોઇએ તેવા જમાઈ અમને મળીયારે, આનંદ થયો.
મારી લાડકડી અતિ સુખ પામેરે, આનંદ થયો.
જોયું જોડું તે કુળ પ્રમાણેરે, આનંદ થયો.

છેલ— ૨૮

ગોરીયાં પુજન ચલી હનુમાનકું—પુ૦
તેલકી પુરી હનુમાનકો ચઢાવું, ઘીકી પુરી મેરે યારકું–ગો.
આકડેકા ફુલ હનુમાનકું ચઢાવું, ગુલાબ ચંબેલી મેરે યારકું-
ગો૦
તેલ સીંદુર હનુમાનકું ચઢાવું, અત્તર ફુલેલ મેરે યારકું–ગો૦

લીલાવતી— ૨૯

અરે આ અબળાનો પોકાર ઈશ જરી સાંભળોરે—અ૦
કહું કરગરી સો સો વાર, વ્હાર મારી કરોરે—અ૦
દુઃખીઆરી છું નાર નોધારી, આ રે સમે,
પ્રભુ તમો વિણ રંકનાં સંકટ કોણ હરે,
કરો કરૂણા ઓ કીરતાર—ઈશ૦

લીલાવતી— ૩૦

જસવંતા સ્વામી થાયે, સુખી નારી તો ગણાયે-જ૦
દેશ પ્રીતે લોક હિતે કામ છે કરવાનાં,
નિજ સુખ ભાવે ધર્મ ભુલાવે,
શું સુખ એ સતીઓનાં વખણાયે—જ૦

લીલાવતી— ૩૧

શા માટે કરોછો એમ પ્રીતમ મારારે
ઘણું એ જવાશે કાલે, પ્રાણપતિ પ્યારારે—શા૦
તવ દર્શન જોઇ દાસી તમારી અનહદ આનંદ પામીરે,
નાથ વિયોગ નથી સહન થતો કહું,
સત્ય કહું છું શુણો નેત્ર તણા તારારે—શા૦

છબીલી ને કામસેના— ૩૨

જપતી સુમતિની જપમાળ જુવતી જો અલબેલી,
જોબન રસ રંગે જોની, આ બની ઘેલી,
વ્યાકુળ વૃક્ષના વિણુ વ્હાલી વેલી—જ૦
તન મનમાં વ્યાપી રહ્યો, જોબન વસંત જંગ,
રસ ભોગી રસીયા વિના, રમશો કયાં રસ રંગ,

જાણ્યું ન જડીયો કોઇ રંગ રસીલો,
ચપ ચપ કરતી લેતી જા તું ચળેલી—જ૦
પેટ દુઃખે શિર કુટતાં, સંકટ બા ન સમાય,
બળતાને બાળી સખી, હૈડે શું હરખાય,
આહા અકળાયે શાને છેલછબીલી—આ૦

સુમતી— ૩૩

આવી રહ્યાછું પ્રેમ પાસમાં, રસીલી તારા—આ૦
લગનની ઉપાધીમાં ગયો હતો તથાપી, રંચ પણ ના હતો-
હુલાસમાં—૨૦
વિશ્વમાં નથી મને કો તું સમાન વ્હાલું, સત્ય વચન જાણ-
તું વિશ્વાસમાં—૨૦
વણજ ને વેપાર રોજગારને તજીને, ગાળવી છે વય બધી-
વિલાસમાં—૨૦

કામસેના ને સુમતી— ૩૪

ચાલો ચાલો રૂપાળા છબીલા છોગાળા, રંગે રસીલા રીઝાઉં—ચા.
પ્રીતિ પુષ્પોની માળા ગુંથાઉં હું, ભીંજાઉં હું, પ્હેરાઉં હું—ચા.
તારે નખરે લોભાયો હું વ્હાલી, પ્રીતિથી પાઉં પ્રેમ પ્યાલી,
પ્રેમી લેભાયા પ્રીતિમાં ફસાયા જુઓ અમારી આ માયા.
વ્હાલા હેતેથી ઝુલે ઝુલાઉં હું, ચીઢાઉં હું, રીસાઉં હું, મનાઉં હું
પળ પળ પ્રીતિ રસ પાઉં—ચા૦



અંક-૩.

લીલાવતી— ૩૫

જોબનીયું અંગે અંગે છલકાય,
કોણ શરમાયે ઢળી રસજાય વેદના ના બા કળી ના કળાય
મનડું મુઝાયે કળી નાં ચુટાય—જોબનીયું૦
કળી ચુંટાયે તો સુખ થાયે જાયે અનંગનો રંગરે
કોમળ કાયે નહીં રહેવાયે થાયે આ રંગમાં ભંગ—જોબનીયુ૦

લીલાવતી-કમળા— ૩૬

તું ધરરે અરે હાં હરી અબળાનો પોકાર
દીનબધુ તમો છો દયાલ મારે એક છે તારો આધારરે—તું.
વૈભવ વાડી વિષે સુખ માનતી. પંખીણી બની લાચાર,
બાળક પાળક છો બળવંતા રહાયક સરજનહારરે—તું.

સદાફુળ— ૩૭

ધભરામણ મને ઘડપણમાં આવે છે ઘણીરે.
લંપટ પુત્ર પાકયોરે હું એનાથી થાકયોરે-આ મોટું ઘરછે મારૂં
સાસરીયું એનું સારૂં, ઘણી સમજણી વહૂ છે તનય તણીરે—ઘ.
ગયો લોકલાજેરે આણું કરવા કાજેરે—મુજને બહુ બનાવી
વહુને નહી વળાવી--શરમાયો વહુની સખીના વચન શુણીરે—ઘ.
વરસને મહીનારે વીત્યા ઘણા કહીંનારે--હવે ફરી હું જઇને
કાંઇક દીલાસો દઇને-- લીલાવતીને લઇને આવું ઘર ભણીરે—ઘ.

લીલાવતી-સાહેલીઓ— ૩૮

સુખદ લીલાવતી સુઘડ સુજાણ-પ્રયાણ સુખે કરો મુજ પ્રાણ
પામજો સદા કુશળ કલ્યાણ.
વડીલની આશીષ એજ પ્રમાણ-શાંતિનું કરે સરસ નિર્માણ—પામજો૦
એનો કંઈ તમે નથીજ અંનજાણ રામને નામ તર્યાં પાષાણ—પામજો૦
શુધ્ધ સતિ સદાચરણ ગુણ ખાણ,કરૂં શું વિદેહ વંશ વખાણ—પામજો૦

આપપદ પંકજ રજ એધાંણુ–એજ મુજ પરમ પવિત્ર પિછાન—પામજો
હશે જો પ્રભુપદ ભકિત વહાણુ–તો થશે નહિ કદી પણુ કંઈ હાણુ—પામજો.

લીલાવતી— ૩૯

રે કર્યો વેસ્યાએ કેર, ઉપજે ઝેર, વાળવું વેર હવે શા બ્હાને–
હું કાળી નાગણુ થઇ ડસું ગુણુકાને,
હું કદી ખડકીએ ખડી, ઝરૂખે ચઢી, જોઉં વાટડી ઘડી ઘર-
નાવે–શું સ્મર શત્રુ સમ થઇ મને અકળાવે.
આ જોબન રસ ઝલકાય, વસ્તું વંનમાય, લાલ વીણુ લાય-
ઉઠે છે અંગે–શી યુકતી કરતાં મળું સલુણા સંગે.
સ્વામી વશ કરવા સાર, કર્યો વિચાર, દુઝણાં ચાર, આંગણે-
બાંધુ–લઇ મૈયારીનો વેશ સ્વાર્થ મમ સાધું.

લીલાવતી— ૪૦

છણું છલબલ કરી કરીરે, ધરિ શરૂંગાર સુંદર તનપર—છણુ.
દ્રગ અંજન કરૂં મોહક મનહર, મૃગમદ બિંદી કરૂ પલકપર,
દામિની બાંધુ સરસ મસ્તકપર, રંગ રસ ભરી ભરીરે—ધ૦—છ૦
લલિત લોલ લોચન શૃંગાર, વક્ર દ્રષ્ટિ પતિપર હું ધારૂં,
નયન બાણુ મારૂં વાલમપર, હિત ચિત્ર વરી વરીરે—ધ૦—છ૦

મુકતા— ૪૧

વીરા વેસ્યાના યારી, ઉભા અટારી પેલા તમારા પ્રાણુ,
જાઓ થાઓ મહિયારી, ભાભી અમારી, ઉભા અટારી—પેલા.
વીંછીનો આંકડો વેશ્યા છે વસમી જો જો ન થાએ જાણુ,
જાણુશે તો ઝેર આણુશે ઝાઝું, કરશે રાંડ રોકાણુ,
જુઓ જળની ઝારી, હાથમાં ધારી, ઉભા અટારી—પેલા

લીલાવતી— ૪૨

અવર મદન અલબેલો આનો દીસે અવર મદન અલબેલો—આ
શરદ પુનમના સુધાકર સરખો, આજ નગરમાં ઉગેલો—આ
મનહર કસ્તુરી આ મૃગ માફક, જોઉં ઝરૂખે ઝુકેલો—આ
હું નીર્ભાગી નાથ તજી મને, વેશ્યા અવાસે વસેલો—આ

ધન ગણીકા ધરણી તલ તુજને, પ્રિય કર્યો મમ પરણેલો—આ
ચંદ્ર ચકોરને મધુર મેઘસમ, મુજ મન રંગ રહેલો—આ
મહિયારી વેષે નહી જાણે, મમ છળ છેલ છબીલો—આ

લીલાવતી ને સુમતિ— ૪૩

મીઠડું મહી વેચું મહી વેચું--અમ્રત સરખું સુખકારીરે—મીઠડું૦
લ્યો કોશંબી નરનારીરે—મીઠડું.
આપો મટકી ઉતારી મહિયારીરે મારે મહી લેવું રે મહી લેવું.

લીલાવતી ને સુમતી— ૪૪

મહેતાજીરે શું મહી મુલ બતાવું, ચાખો પછી ભાવ જણાવું.
મળશે નહીરે દુધ દુનિયામાં આવું, સમજુને શું સમજાવું.
જુગતિથી રોજ જમાવું, લાલન લ્યો શું લલચાવું,
ખાધા કેડે ખુશ થાવું, તક જાશેરે તો પડશે પસ્તાવું—ચાખો.
મહી મીઠુંરે મેં ચાખ્યું મહિયારી, તું ગામ કીયે વસનારી.
ભ્રકુટીમાંરે ભૂરકી ભારી, કહો નામ તમારૂં નારી.
વળી કોણ તમારો વિહારી, સ્મિત હાસ્યથી મન હરનારી
કે તુજ કુળ કામણગારી, સાવિત્રીરે તુલ્ય ન આવે તારી—તું
રંગીલારે મારી જાત રબારી, છુ રાજપુરે રહેનારી.
હનવો છેરે મુજ સ્વામી સુખકારી, મમ નામ સલુણી સારી.
તમો વણીક વડાવેપારી પુછી કુળ જાત અમારી.
શું વાત વિવાહની વીચારી મન મોહનરે હું નવ પરણીત નારી--છું.

સુમતી— ૪૫

કામણગારી નારી કહેને મને વાત તારીરે.
છેલ છબીલી છબી ફાંકડી આ દિસે અદભુત,
ગુણ હિણો ગામડીઓ જુહો, એતો ભમતો ભુત—કામણ
ચતુર વિચિક્ષણ તું ચતુરાને ધણી મુરખ સરદાર,
ચંપક વરણી કયમ ચાલે છે ગમારથી ઘરબાર—કામણ
લીલાવતી—ડાહ્યા ડમરા તમને પરણી લાગે વાત પ્યારીરે—લાગે
પગ હેઠળ દાવાનળ સળગે એ અવલોકો આપ.
અમને પછી શીખામણ આપો મોહન રાખી માપ—ડાહ્યા

ભફીમ છે ભુંડણુના જેવી આ ગણિકા ગુણહિણુ.
કેમ પ્રેમ બાંધ્યો પાતળીયા પુર્ણુ થઇ પ્રવિણુ—ડાહ્યા૦
સુમતી—દુબળી નારી ડાકણુ જેવી દેખી દિલમાં ડરીએરે—દેખી
જાડી લાડી ફુલની વાડી ધાડી મંન ગંભિર
ગુણવંતી ગણિકા છે ગોરી હરે પુરૂષનું હીર—દુ૦
લીલાવતી—ભલે લાલ તમાચો મારી મુખડું લાલ રાખોરે—મુખડુ
કરે પ્રશંશા પંડિત પુરૂષો નિરખી નાજુકનાર
શ્યામ સલુણા સરવે સમજો પણ અમથો અહંકાર—ભલે
અલબેલા ઉત્તમ કુળ ઉપન્યા આ કુલટા કમજાત
કામણગારા કેમ બને છે વદો બરાબર વાત—ભલે

લીલાવતી— ૪૬

અમૃત સરખું સુખકારીરે મીઠડું મહી વેચું મહી વેચું
તમે લ્યોને કોશબાં નર નારીરે મીઠડું મહી વેચું.

કામસેના— ૪૭

ઉઠ ઉઠ અલી જાને તારે ઘેર, ધુતારી ધુતવાને આવીરે.
તારા પ્રપચની જાણી મેંતો પેર, ધુતારી૦
તારો તાલ મેં છાનો જોયો છીનાળ, ધુતારી૦
જલદી જાને નહીતો બનીશ બેહાલ, ધુતારી૦
લીલાવતી-ઉઠ કોણ તું મને કહેનાર, નફ્ટ ફ્ટ ફ્ટ તનેરે.
તારા દોકડા વેચી કરૂં બજાર—ન૦
લેશ નથી જગ લાડી તને લાજ—ન.
રાંડ પાપણી કરે પતરાજ—ન.
પૈસાવાળાને તમે બતાવો પ્યાર—ન,
ખાઇ ધન તન કરોછો ખુવાર—ન.
કામસેના—ભુંડી રાંડ નીચ જાત ભરવાડ ધુતારી ધમકાવે મનેરે
અહીંથી તારી મહીની મટકી ઉપાડ—ધુ૦
તને દેખી દાઝ આવે દગાખોર–ધુ. એક મટકીની માગે
છે તું મહોર—ધુ૦
લીલાવતી-તું તો માટી નવા નવા કરે નીત–ન. તારી ખોટી છે
પીતળ જેવી પ્રીત–ન.

તને અડતાં મનુષ્ય અભડાય—ન. તારા સંગથી નરકે
નર જાય—ન૦
તારી સોબતે જુગારી ચોર થાય—ન. કેદી થઇ દરબાર
માં દોરાય—ન૦
તારે ઘેર કંઇ પડી રહે ગમાર—ન. છેડો વાળી રડે
એની નીત નાર—ન૦

કામસેનઃ—રાંડ ભુંડી જાત નીચ રખાર—ધુ. જાને અહીંથી નહીતો
થઇશ બેહાલ—ધુ૦
બસ બસ રાંડ ઝાઝું નહી બોલ આવી રહે તારૂં આવી
બન્યું રે.
હાથે કરી તેંતો ખોયો તારો તોલ, આવી રહે તારૂં
આવી બન્યું રે.

સુમતી— ૪૮

માઠું લગાડો તો મારા સમ છે સલુણીરે,
નથી આ નફ્ટમાં એ બદામની ગુણીરે.
વચમાં બોલાવ્યા વિના બોલી વઢકારીરે,
નીચમાં તું નીચ વેશ્યા નિર્લજ નઠારીરે. માઠું૦

કામસેના—આમ ઉપરાણું લઇ મને ધમકાવોરે,
એકના અનેક કહ્યાં એને ના અડાવોરે. આમ૦
આટલા વરસ આણ આપની ઉઠાવીરે,
મને અપમાની તને શરમ ના આવીરે. આમ૦
મૈયારીનું મુખ દેખી પ્રીત પલટાવીરે.
વણીક જાતીની ખરી ખુબી આં જણાવીરે. આમ૦

લીલાવતી— ૪૯

મહી બહું વેચાંય. અહીં નહી અવાય, અપમાન થાય.
મ્હોરો સદાય, કયાંથી અપાય, નિચ આધીન નગીના. મહી૦

સુમતિ૦—

આમ ચતુરનાર, કરી પુરણ પ્યાર, ડર નવ લગાર,
નિત્ય આવ્ય દ્વાર, લે મુકતાહાર, વળી આપીશ દાગીના. આમ૦

લીલાવતી— ૫૦

અમૃત સરખું સુખકારીરે મોહન મહી લાવી મહીં લાવી.

મનમાં બળે વેરણ મારીરે—મો.

...ા—

તુજ દહી દુધ છે ગુણકારીરે. આવો મહિયારી મારી—મ.
જગ વહુ રહેશે જખ મારીરે—આવો.

કામસેના—

લીધી લખમી તેં મમ લુટીરે, મહિયારી વેરણ મારી—વે.
થાકી હું માથું કુટીરે—મ.
બધી હાથ તમારે બાજી—મ. માગે છે મહી મહેતાજીરે—વે.

લીલાવતી—

મીડડા લ્યોને મહી છે મીઠું. કાળજડું ઠંડું થાશેરે ઠંડુ થાશે.
આતો નથી અવર અજુડુંરે—કા.

કામસેના— ૫૧

હજુએ નવ આવતી અટકી,
કેમ કરૂં જશે કાળજું ફટકી,
નથી હઠતી પટકી મટકી—હ૦
હૃદય નયન રજકણુ સમ ખટકી,
છેલ જશે છટકી ત્રટકી—હ૦

કામસેના— ૫૨

મુજને ભાખ માગતી તેંજ કરી—મું૦
તેજ કરી ધન માલ હરી, દીલડામાં નવ લેશ ડરી—મું૦
ના કહેતાં નિત નિત ઘર આવે, જા તુજને નથી શરમ જરી—મું૦
કામ નથી ઘરમાં તમ કેરૂં, આ હું સત્ય વચન ઉચરી—મું૦
નકટાં થઈ કદી પગ નવ દેશો, મમ ઘરમાં ફટકેલ ફરી—મું૦
આજ થકી કરો અદીઠ તમારૂં, હું ખોટી આ રાંડ ખરી—મું૦

લીલાવતી— ૫૩

માથાના મુગટ મારા, પરણ્યા કે કુંવારા રે.
શાને માટે આપે સગાં વ્હાલાને વિસાર્યારે.
કયાં છે કયાં છે સંબંધ તમારો, સાચુ બોલો સમ મારારે—મા
પવિત્ર પુણ્યાત્મા છે, માવિત્ર અમારા રે,

વેશ્યાની સોબતે તજ્યા, વગર વિચારેરે.—૫.
આ નગરીમાં એહ વસે છે, વનિતા પિયર વસેલરે,
વનિતા વનિતા અનુપ આકૃતિ એની તારે અનુંસારરે—૫.

લીલાવતી— ૫૪

આવો આવો અલબેલા ચાલો છટાથી છબીલા,
એ છબીલા, એ રંગીલા,
તું છે રંગીલી નાર, એ છે રંગીલા ભરથાર,
સતી લીલાવતી નાર, તમે સુમતીવિલાસ
શોભે રાધા ને નટવર રસીલા. આ૦

સર્વ પાત્રો— ૫૫

સાજનો સુણજો રે, અંતમાં વેણુ અમારૂં,
નિત નિત રટજોરે, પરણ્યાનું નામ પીયારૂં.
એજ જાણો સુખ તણી રીત, એમાં જગ ડુબ્યું છે સારૂં. સા૦
રાંડ ને ભાંડમાં રે, રવડવું એ તો નઠારૂં,
રવડવા જાતાં રે, રવડી જશે તમારૂં. એ૦

સમાપ્ત

